णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# War જિનશાસન

હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.
આક્રમકતાના ઊંડાણથી
આક્રમતાની ઊંચાઈ સુધી.

પ્રિયમ્


**અહો શ્રુતમ્**


**શા. બાબુલાલજી સરેમલજી**

Book Link - bit.ly/priyambooks
Book Site - priyambooks.com

સાહિત્ય અપ્રકાશિત હોવાથી ઉપરના વિકલ્પોથી નકલ મેળવી શકાય.

પૃષ્ઠ – ૩૪
કારતક, વિ.૨૦૮૧
નવેમ્બર, ૨૦૨૪

વિષય – શાસન
ભાષા – ગુજરાતી
વાચક – જૈન




બાળક ખુદ મા-ની ચોપડી હતું. જીવતી ચોપડી - હસ્તલિખિત ચોપડી - જેને મા-એ પોતાના લોહીની શાહીથી લખી, ઉજાગરા પણ કરીને લખી, માંદગીમાં ય લખી, નબળાઈમાં ય લખી, ને સો કામ મુકીને ય લખી. મા-ના શબ્દો, મા-ની શૈલી, મા-ની અક્ષરમરોડની કળા, મા-નું માધુર્ય, મા-ની પ્રસ્તુતિ -- બધું જ લા-જવાબ. છતાં કાગળ હલકો હતો એટલે જોઈએ એવો ઉઠાવ ન આવ્યો. પણ લોકોને કશી ખબર નથી એટલે તેઓ એમ કહે, કે આથી વધુ ઉઠાવ તો શું હોઈ શકે ? બાળકને તો ખબર છે, એટલે ૧૦૦% માને છે કે આપણો ઉઠાવ તો રદ્દીની સાથે કિલોબંધ વેંચાવા જેટલો છે. છતાં આપણે વેંચાવાની બદલે વંચાઈ રહ્યા છીએ એમાં કારણ ફક્ત એ મા-ની હસ્તકળા અને હૈયાકળા છે.

છગને મગનને પૂછ્યું, ‘‘આજકાલ શું ચાલે છે ?’’ મગન કહે, ‘‘હું એક ચોપડી લખી રહ્યો છું. એનું નામ છે – હું અને મારી પત્ની.’’ છગન કહે, ‘‘તને યુદ્ધ કથા લખવાનો શોખ ક્યારથી થઈ ગયો ?’’

છગનની પત્ની મગનની પત્નીની ખબર કાઢવા ગઈ. એણે એને કહ્યું, ‘‘તું કેમ આટલી માંદી પડી ગઈ છે ? મગનની પત્ની કહે, ‘‘એ ધંધાના કામે મુંબઈ ગયા છે અને મારા સાસુ જાત્રા કરવા ગયા છે અને મને ઝગડ્યા વિના ખાવાનું પચતું નથી.’’

આજે વાત ક્ષુદ્ર ઝગડાની નથી કરવી પણ ખરા યુદ્ધની કરવી છે. પાંડવો માટે રાજ્યનો ભાગ લેવા શ્રીકૃષ્ણ હસ્તિનાપુર પહોંચ્યા છે. રાજસભામાં અકાટ્ય દલીલો સાથે પાંડવોને રાજ્યના અધિકારી ઠેરવ્યા છે. ને છતાં દુર્યોધન હાથ ઊંચા કરીને નફ્ફટ થઈને કહી દે છે – કે સોયના અગ્ર ભાગ ઉપર જેટલી જમીન આવી શકે, તેની અડધી જમીન પણ હું આપવાનો નથી... **तस्यार्धं न प्रदास्यामि ।** ને શ્રીકૃષ્ણ પાંડવોને સંદેશ મોકલે છે.

**પાર્થને કહો ચડાવે બાણ,**
**હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.**

**આજે વાત કરવી છે War જિનશાસનની એના માટે આક્રમકતાના ઊંડાણની પણ વાત કરવી છે, ને આક્રમકતાની ઊંચાઈની પણ વાત કરવી છે. ત્રણ પાસાથી આ વાતને સમજીએ.**

**પ્રથમ પાસું**

આક્રમકતાનું ઊંડાણ - પ્રેમ
આક્રમકતાની ઊંચાઈ - પ્રાગલ્ભ્ય

છગન બંને હાથ માથે દઈને બેઠો હતો. મગને પૂછ્યું, ‘‘અલ્યા શું થયું ?’’ છગન કહે, ‘‘પત્ની પિયરથી પાછી આવી, ને એ જ દિવસે

ઘરમાં ચોરી થઈ.'' મગન કહે, ''હોય ભાઈ, મુશ્કેલી આવે છે, ત્યારે એક સામટી આવે છે.''

અહીં જે વાત કરવી છે તે પતિ-પત્નીના આવા પ્રકારના પ્રેમની નહીં, પણ પરાક્રમ પ્રગટાવતા દિવ્ય પ્રેમની વાત કરવી છે.

દ્વેષથી આક્રમકતા આવે આ વાત સાચી છે, પણ એકંગી છે, પૂર્ણ સત્ય એ છે કે પ્રેમથી આક્રમકતા આવે છે. યાદ આવે ભક્તામર સ્તોત્ર -

**प्रीत्यात्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं,**
**नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ?।।**

પોતાના શિશુના પરિપાલન માટે શું હરણ સિંહ સુદ્ધાની સામે નથી થતું ? એમાં કારણ એક જ હોય છે - પ્રેમ.

જરા જોઈએ - વર્તમાન સમયની કેટલીક ઘટનાઓ-

## માતૃત્વ : મૃગયા ખેલવા નીકળેલા સિંહ-દીપડાને ભારે પડેલી માતાઓ

મધરાતનું ટાણું છે.

રાત્રીનો વિધિવત પ્રારંભ થઈ ચૂક્યા પછીનો પ્રહર ચાલી રહ્યો છે.

ઘડિયાળનો કાંટો રાતના બે આસપાસનો સમય બતાવે છે.

એ વખતે જ એક દીપડો અંધારુ ચીરતી નજર સાથે કાંટાળી વાડ ઠેકીને ખેતરમાં પ્રવેશે છે.

સૌરાષ્ટ્રમાં સતાધાર પાસેની સીમનું એ ખેતર છે.

દબાતા પગલે આવતા દીપડાને જોયા વગર કોઈ રીતે તેની હાજરી પારખી શકાતી નથી. માટે અહીં પણ ખેતરમાં નિદ્રાધીન માલધારી પરિવારને દીપડાનું આગમન છેક સુધી કળાતુ નથી. એક બાજુ માતા અને એક બાજુ બહેન વચ્ચે સુતેલા હીરાને દીપડો નિશાન બનાવે છે કોઈને ખબર પડે એ પહેલાં જ પોતાના જડબામાં સાડા ચાર વર્ષના હીરાનું માથું દબાવે છે

અને આવ્યો હતો એવા જ પગલાંએ પરત ફરે છે.. ગણતરીની સેકન્ડમાં જ શિકાર દીપડાના હાથમાં આવી જાય છે.

દીપડાના દાંત ભીંસાવાથી હીરો ચીસ પાડે છે અને એ વખતે જ બાજુમાં સુતેલી માતા જાગી ઉઠે છે.

અંધારુ છે, મધરાતનો સમો છે, ખુલ્લાં  ખેતરમાં લાઈટ હોવાનો તો કોઈ સવાલ નથી, પણ અત્યારે તો પ્રકાશ ફેંકી શકાય એવી બેટરી પણ શોધવાનો વખત નથી.

વળી અહીં, આ ખેતર માલધારી પરિવારનું ઘર નથી. એમનું વતન તો છેક ખંભાળિયા પાસેનું વચલા બારા ગામ. અહીં તો પસાર થઈ રહેલી તેમની વણઝાર રાતવાસો કરવા રોકાઈ છે. કોઈ જાતના તંબુ કે આવાસનું બાંધકામ એ વણઝારોના ઉતારામાં હોતુ નથી. ખુલ્લાં ખેતરમાં ઢેફાઓ વચ્ચે સામાન પાથરી દેવાનો એટલે થઈ જાય એમનું આશિયાના.

એ સંજોગોમાં દીપડા જેવા શિકારી પશુઓનું કામ વધારે સરળ બને. હીરાની ચીસના આધારે જ તેના માતા જીવીબાઈ સમજી ગયા કે સિંહ કે દીપડાએ તરાપ મારી છે. અંધારામાં ઓળાના આધારે ખબર પડી કે દીપડો છે અને હીરાને મોઢામાં પકડીને ભાગી રહ્યો છે. વણઝારના બીજા સભ્યો ઉઠે, દીપડાને અટકાવે ત્યાં સુધીમાં ઘણુ મોડું થઈ જાય. માટે એ જ ક્ષણે જીવાબાઈ દીપડા પાછળ દોડ્યા અને હીરાના પગ પકડી લીધા. હીરાનું માથુ દીપડાના મોઢામાં હતું. પગ જીવાબાઈના હાથમાં. ખેતર હતું એટલે ઢેફા પણ હતાં. જીવાબાઈએ એક પછી એક ઢેફા ઉપાડી બે-ત્રણ ફીટ દૂર રહેલા દીપડા પર પ્રહાર કરવા માંડ્યા. દીપડાને આ રીતે વળતો હુમલો થશે તેનો અંદાજ ન હતો. પરિણામે દીપડો પણ હતભ્રત બની ગયો અને થોડીવાર જોર કર્યા પછી આખરે હીરાનું માથુ છોડી દીધું. ત્યાં સુધીમાં વણઝારના બીજા સભ્યો પણ આવી પહોચ્યા હતાં, એટલે દીપડો શેઢો ઠેકીને અંધારામાં અલોપ થઈ ગયો. રક્ત ટપકતા માથા સાથે ઘાયલ હીરાને તત્કાળ સારવાર માટે વિસાવદાર અને પછી જૂનાગઢ લઈ જવાયો એટલે આજે એ સલામત છે.

આ ઘટના જુલાઈ ૨૦૧૨ની છે. વણઝાર લઈને ફરતો એ કાફલો સતાધારની સીમની માફક ઠેર ઠેર પડાવ નાખી ફરતો રહેતો હોય છે. વરસાદ થાય પછી જ તેઓ વતન ભણી રવાના થાય. ધરતીનું પાથરણું અને આભનું ઓઢણું કરી રહેતા લખમણભાઈના પરિવાર માટે એ પ્રસંગ બહુ મહત્ત્વનો નથી, કેમકે એમને તો કેટલીય મુશ્કેલીઓનો સામનો કરવાનો થતો હોય છે. નાનકડા બાળકના ગાલે ખંજન જોઈને આપણને એ બહુ પ્યારું લાગતું હોય છે, પણ સાડા ચાર વર્ષના હીરાના ગાલે ખંજનને બદલે નહોરના નિશાન એ દીપડાના હુમલાની યાદ અપાવતાં રહે છે.

દરમિયાન હુમલો કરનાર એ દીપડો દિન-પ્રતિદિન ખુંખાર થઈ રહ્યો હતો. એટલે થોડા દિવસ પછી તેને પાંજરે પુરી જુનાગઢ સક્કરબાગમાં આવેલી દીપડાઓ માટેની 'જેલ'માં મોકલી દેવામાં આવ્યો છે. એ દીપડો ત્યાં સળિયા પાછળ આંટા મારી રહ્યો છે, પણ એની આંખોમાં દેખાતો ખૌફ ભલભલાને ડરાવવા માટે પુરતો છે.

* * * * *

૨૨ જાન્યુઆરી, ૨૦૦૯

જૂનાગઢ પાસે ગીરનારનો ઢોળાવ પુરો થાય ત્યાં આવેલું ચોકલી ગામ.

સવાર સમાપ્તિની ક્યારની ઘોષણા થઈ ચુકી છે અને હવે તો બપોરના આગમનનો સમય છે.

સતત ધમધમતા રહેતા જૂનાગઢ અને ભેસાણને જોડતા એ રસ્તા પર બહુ બહુ તો મોડી રાત્રે ગિરનારમાંથી પગ મોકળો કરવા નીકળતાં જનાવર(સિંહ)ના દર્શન થઈ શકે. પણ આજે તો સવારના દસ જ વાગ્યા હતાં ત્યાં એક સિંહણ એ રસ્તે ચાલી આવતી હતી.

રસ્તા કાંઠાના ખેતરોમાં મજૂરો કામ કરતાં હતાં. નાનકડો રાહુલ પણ તેની માતા રેખાબેન સાથે ખેતરમાં કામ કરતો હતો.

ખેતરના છેડે રાહુલને એકલો જોઈ સિંહણની દાઢ સળકી. એ આમેય

શિકારની શોધમાં જ નીકળી હતી. વળી સિંહણને કોઈનો ડર હતો નહીં એટલે જ તો ધોળા દિવસે મગરૂરીથી ડામર પર પંજા પછાડતી ચાલી આવતી હતી.

રસ્તેથી ચિલો ચાતરી સિંહણ ખેતરની વાડની આડશ લઈ એકલા રાહુલ સુધી પહોંચી ગઈ. ચારેક વર્ષના રાહુલને હજુ તો સિંહણના હુમલાનો અંદેશો આવે એ પહેલા સિંહણે તેને કમરેથી પકડી લીધો. ડરી ગયેલા રાહુલે બુમ પાડી એ, સાંભળી ખેતરમાં કામ કરતા બધાનું ધ્યાન સિંહણના હુમલા પર ગયું, પણ સિંહણ સામે થવાનો કોઈને વિચાર આવે એ પહેલાં જ રેખાબેને રાહુલને બચાવવા સિંહણ સામે મોરચો માંડી દીધો.

રાહુલને ખેંચી લેવામાં પહેલા તો રેખાબેનને સફળતા મળી ગઈ, પણ સિંહણ આસાનીથી શિકારને છોડી દેવાના મૂડમાં ન હતી. કાખમાં તેડેલા રાહુલ પર ફરી સિંહણે પંજો ઉગામ્યો. રાહુલ અને રેખાબેનના શરીર પર થોડા ઉજરડા થયા. એ દરમિયાન રેખાબેન સમજી ગયા કે સિંહણ રાહુલને જ નિશાન બનાવવા માગે છે. ખેતરમાં કામ કરતા બીજા કામદારો હજુ દૂર હતાં. એ મદદે આવે ત્યાં સુધીમાં કદાચ મોડુ થઈ જાય. પંજામાં છૂપાયેલા સિંહણના નહોર હવે બહાર નીકળી આવ્યા હતાં. રાહુલ માટે એ એકાદ નહોર પણ જીવલેણ સાબિત થઈ શકે એમ હતો. સમય સંજોગો પારખી રેખાબેને તત્કાળ નિર્ણય લીધો અને રાહુલને જમીન પર ઘા કરી પોતે માથે સુઈ ગયા. ભુરાઈ થયેલી સિંહણ માટે હવે શિકાર રેખાબેન હતાં. સિંહણે નવ-દસ ઈંચ સુધી ફેલાતો, બબ્બે ઈંચના નહોર ધરાવતો પંજો રેખાબેન પર ગોઠવી દીધો. નહોર શરીરમાં ખૂંપતા જતાં હતાં, લોહીની ધારાઓ વહેતી જતી હતી. બે માતાઓ વચ્ચેની એ લડાઈ લોહિયાળ બની. સિંહણ વધારે આક્રમક બની રેખાબેનને વિખવાનું શરૂ કરે એ પહેલાં ટોળુ ત્યાં આવી પહોંચતા સિંહણે પંજો પાછો ખેંચી લઈ વગડાની વાટ પકડી...

ત્યાં સુધીમાં સિંહણ સામે માતૃત્વનો વિજય થઈ ચૂક્યો હતો.

મા-દીકરા બંન્નેને ઘણા ટાંકા આવ્યા, પણ બચી ગયા. રેખાબેન હજુ પણ ખેતરોમાં મજૂરી કરે છે, જ્યારે સિંહણે છોડેલા નિશાન રાહુલના શરીર પર જોઈ શકાય છે.

* * * * *

નવેમ્બર, ૨૦૦૫

વિસાવદર, ધારી, બગસરા ત્રણેય તાલુકા વચ્ચે ટેકરીઓથી ઘેરાયેલુ મોણવેલ ગામ.

ડાહ્યાભાઈ મકવાણાના ખેતરે એ સવારે માણસો ઘણા હતાં. આગલી રાત્રે ખેતરમાં ભજિયાનો પ્રોગ્રામ હતો. માટે મોડે સુધી બરાબર ભજિયા દાબડીને જુવાનિયાઓ પાસપાસના ખેતરોની ઓરડીઓમાં આડા પડ્યા હતાં. તેલમાં તળાતા ભજિયાની તડતડાટી, વાતોના ગપાટા, ઠામણાનો ખખડાટ... એ બધા અવાજ વચ્ચે બેએક શેઢાવા છેટે આવેલી ભેખડમાં એક પાકટ વયનો દીપડો મોકાની તલાશમાં રાહ જોઈ રહ્યો હતો. જો ટોળકીમાંથી કોઈ એકલ-દોકલ અલગ પડી ઓરુ આવે તો દીપડો તેના પર ઘાત લગાવવા તૈયાર હતો. પણ મોડી રાત સુધી એવી તક મળી નહીં. દીપડાએ ધીરજ ગુમાવી ન હતી. રાહમાં ને રાહમાં સવાર પડી..

સવારે ઓપનેર ચલાવવાનું હોવાથી ડાહ્યાભાઈનો અઢારેક વરસનો દીકરો ભાવેશ વહેલો જાગી ગયો હતો. સાતેક વાગે એ ઓરડીમાં પોતાની માતા સાથે શિરામણ કરી રહ્યો હતો. એ મા-દીકરાને ખબર ન હતી કે તેમની દરેક હિલચાલ પર એ ઓરડીમાં જ કબાટ અને દિવાલ વચ્ચે ખાંચામાં છૂપાયેલો દીપડો નજર રાખી રહ્યો છે. આ ઓરડીમાં કોઈક તો આવશે જ એ અનુભવી દીપડાને ખબર હતી. અને અંદર આવ્યા પછી એ શિકારને છટકવાનું પોતે મુશ્કેલ બનાવી દેશે એવો દીપડાને પોતાની પ્રહારશક્તિ પર વિશ્વાસ હતો.

જેવી તક મળી એ સાથે જ દીપડાએ ભાવેશ પર હુમલો કરી દીધો. ત્યાં હાજર તેમના મમ્મી પારવતીબેન જુવાનજોધ દીકરા પર દીપડાનો

હુમલો જોઈ દીપડા સામે જે હાથમાં આવ્યું એ લઈ પ્રહાર કરવા દોડ્યા. ઓરડી બહુ નાની હતી એટલે દીપડાનો પક્ષ મજબૂત હતો. દીપડાએ પહેલા ભાવેશને અને પછી તેની માતા પર હુમલો કરી દીધો. ભાવેશના મોઢા પર પંજાના પ્રહારથી એક આંખ અડધી બહાર નીકળી ગઈ અને દેખાતું બંધ થઈ ગયું. પારવતીબેને દીપડાને વાર્યો એટલે દીપડો તેમના પર તૂટી પડ્યો અને પંજાના એક પછી એક પ્રહાર કરી ખોપરીમાં તિરાડ પાડી દીધી. હાથ, પગ, પેટ જે હાથ લાગ્યુ એ ચીરી નાંખ્યું. રાતથી રાહ જોઈ રહેલા દીપડાની ભૂખ હવે બેકાબૂ બની હતી એટલે કોઈ તેને અટકાવે એ પોસાય એમ ન હતું. વળી એ કદાવર પણ હતો એટલે સરળતાથી અટકાવ્યો અટકે એમ ન હતો.

થોડીવારમાં આસપાસમાં સુતેલા લોકો આવી પહોંચ્યા અને દીપડાને ભગાવવા પ્રયાસ કરવા લાગ્યા. દીપડો ઓરડીમાં અંદર હતો એટલે કેટલાકે છત ઉપર ચડી, નળિયા ઊંચકાવી ઉપરથી પણ દીપડાને આહુતિઓ આપવાનો પ્રયાસ કર્યો. એમાં દીપડો ઓરડીની બહાર નીકળ્યો અને બહાર જે સામે આવતા ગયા એ બધાને આગલા પંજાથી લાફા મારતો ગયો. વળી દીપડો અંદર ગયો. બહાર.. અંદર-બહાર કૂદાકૂદ કરી અને એ દરમિયાન ઘણાને ઘાયલ કર્યા.

એકાદ ડઝન માણસોને જોઈ હવે અહીં રહેવામાં ખતરો છે એવું લાગતા દીપડો રવાના થઈ ગયો. ત્યાં સુધીમાં દીપડાએ અડધો ડઝન લોકોને સારવાર લેવી પડે એટલી હદે ઘાયલ કરી નાખ્યા હતાં. બીજા કેટલાકને નાની-નાની ઇજા થઈ હતી. સૌથી વધુ ચીરફાડ પારવતીબેનના શરીર પર થઈ હતી. ભાવેશની આંખમાંથી પણ લોહી વહેતું હતું. તત્કાળ સારવાર માટે બધાને દવાખાના ભેગા કરાયા.

દીકરાને બચાવવા પારવતીબેને પોતાનો જીવ દેવો પડ્યો. લાંબી સારવાર, નાના-મોટાં ઓપરેશન, જ્યાં-ત્યાં ટાંકાઓ અને ઠેરઠેર પાટાપિંડી પછી પણ પારવતીબેન માટે ખાટલામાંથી ઊભા થવાનું મુશ્કેલ હતું. એમનું

એ અવસ્થામાં જ થોડા મહિનાઓ પછી મૃત્યુ થયું. જોકે તેમને ભાવેશ બચી ગયો તેનો સંતોષ હતો. માતાએ જીવ આપીને પોતાના કંધોતરને બચાવી લીધો હતો. ભાવેશ હજુએ એ ખેતરમાં કામ કરે છે. જે ઓરડીમાં દીપડાએ હુમલો કર્યો હતો. એ ઓરડી તોડી પડાઈ છે, કેમકે ત્યાં રહેવાનું કોઈનું મન ન હતું. હિંમત પણ ન હતી. દીપડાએ માનવ ટોળકી પર છેલ્લા વર્ષોમાં કરેલો એ સંભવતઃ સૌથી મોટો હુમલો હતો.

* * * * *

૨૦ જાન્યુઆરી, ૨૦૦૯

ધારીથી વીસેક કિલોમીટર દૂર બે-ત્રણ ગામની સીમના ત્રિભેટે એક ખેતરમાં દહાડિયો પરિવાર સુતો હતો.

પરોઢ થવાને હજુ થોડી વાર હતી.

એ વખતે જ આ વિસ્તારમાં કુખ્યાત થયેલો જાંબો નામનો સિંહ આસપાસમાં શિકારની શોધમાં જમીન પગતળે કરી રહ્યો હતો.

ખુલ્લા ખેતરમાં સુતેલા બાલાભાઈ વાઘેલાનો પરિવાર સિંહની નજરે ચડી ગયો.

લુચ્ચાઈ માટે કુખ્યાત થયેલા જાંબોએ ૧૩ વર્ષના હરેશને પગેથી દબોચી લીધો. જાંબોને ખબર હતી કે આ નાના શિકારને લઈને ભાગવામાં સરળતા રહેશે.

હરેશનો પગ મોઢામાં લઈ જાંબોએ પારોઠના પગલા ભરવા શરૂ કર્યા.. હેબતાયેલા હરેશે બૂમ-બરાડા શરૂ કર્યા. એ સાથે જ બાજુમાં સુતેલા માતા મંજુબેનની નિંદર ઊડી ગઈ. વધુ વિચારવાનો વખત ન હતો. દીકરાનો પગ સિંહના મોઢામાં હતો. જો વધુ વાર કરે અને એક વખત સિંહ ત્યાંથી દોટ મુકે તો દીકરાના હાડકા સિવાય કશું હાથ ન આવે એ વાત પણ નક્કી હતી.

જાંબોને ત્યાં જ રોકવો રહ્યો.

મંજુબેન હાથમાં જે આવ્યું એ લઈ સિંહ પર પ્રહાર કરવા માંડ્યા. સિંહે પગ પકડ્યા હતા. તો બાકીનું શરીર પકડવામાં મંજુબેને હતુ એટલુ જોર અજમાવી દીધું. દરમિયાન આજુબાજુમાં સુતેલા બીજા આદમીઓ જાગી ગયા.

પોતાના પર હુમલો થાય અને પોતે ઘાયલ થાય એ પહેલા શિકારને પડતો મુકી સિંહ રવાના થઈ ગયો.

ત્યાં સુધીમાં હરેશના પગમાં સિંહના ચાર નહોર હાડકા ચીરીને આરપાર પેસી ગયા હતાં. તો પણ મોત સામે એ માતૃત્વનો વિજય હતો.

* * * * *

આ બધી એવી માતાઓ છે જેમણે દીકરા માટે દરવાજે આવેલા મોતને પરત ફરવા મજબૂર કર્યુ હતું. ગીરમાં આવા કિસ્સાઓની નવાઈ નથી. પરંતુ દર વખતે આવી પરાક્રમગાથાઓ સર્જાતી નથી. કોઈક કિસ્સામાં મોત અને માતૃત્વ સામસામે આવે ત્યારે જ ખરાખરીના ખેલ મંડાતા હોય છે.

(- બ્રેવ હાર્ટ્સથી સાભાર)

આક્રમકતા વૃક્ષ જેવી હોય છે. જો એમાં ઊંડાણ છે, તો એમાં ઊંચાઈ આવશે જ. તમે લાચાર છો, તો તમારામાં શાસન માટેનો પ્રેમ નથી, તમે - હું શું કરી શકું ? આવી અવઢવમાં છો, તો તમારામાં શાસન માટે પ્રેમ નથી. તમે કોઈ સથવારા કે સપોર્ટની શોધમાં છો, તો તમને શાસન માટે પ્રેમ નથી.

**प्रीत्याऽऽत्मवीर्यमविचार्य**

જ્યાં શક્તિ કે શક્યતાનો વિચાર છે, ત્યાં શાસન માટે પ્રેમ નથી. શાસન માટે પોતાની બધી જ સંપત્તિ ને બધી જ શક્તિને ઢાલ બનાવી દે એનું નામ શાસનપ્રેમી. મને કહેવા દો કે અહંપુષ્ટિના સોદા જેવું દાન, જ્યારે તમે આપો પણ છો, એનો જે માહોલ સર્જાય છે, એનાથી જે

દાખલો બેસે છે, એનાથી બીજાને જે પ્રેરણા મળે છે, એનાથી કદાચ શાસન ઓર બે પગલા પાછું પડી જાય છે.

પ્રેમ નામ વગર પણ શાસનની માટે બધું જ ન્યોચ્છાવર કરાવશે. પોતાના શરીર સુદ્ધાને શાસનની ઢાલ બનવા માટે લાલાયિત કરશે. આપણી પાસે શાસન માટે ન કૂદી પડવાના કારણો છે, એનો અર્થ એટલો જ છે, કે આપણામાં શાસન માટે પ્રેમ નથી. પ્રેમને કદી કારણો નડતા નથી. પ્રેમ પોતે પ્રાગલ્ભ્ય બનીને બધા જ કારણોને નડી જાય છે. પ્રાગલ્ભ્ય એટલે બિન્ધાસ્તપણું, પ્રાગલ્ભ્ય એટલે - યા હોમ કરીને પડો ફતેહ છે આગે. પ્રાગલ્ભ્ય એટલે - પૂરો આત્મવિશ્વાસ.

## દ્વિતીય પાસું

**આક્રમકતાનું ઊંડાણ - વફા**

**આક્રમકતાની ઊંચાઈ - વ્યૂહ**

છગન બસમાં ઊભા ઊભા મુસાફરી કરી રહ્યો હતો. અચાનક એણે બાજુમાં ઊભેલા ભાઈના ખિસ્સામાં હાથ નાંખ્યો. એ ભાઈ તો ભડક્યા, અલ્યા આ શું કરે છે ? છગન કહે, ‘‘મારે બીડી સળગાવવા માચીસ જોઈએ છે,’’ એ ભાઈ કહે, ‘‘એવું જ છે, તો મને કહે ને !’’ છગન કહે, ‘‘હું અજાણ્યા માણસો સાથે વાત નથી કરતો.’’

છગનની વફા અને વ્યૂહની વ્યાખ્યાઓ જ જુદી છે. અહીં જુદી વાત કરવી છે.

એક પત્ની પાસે પતિ સિવાય કોઈ વિકલ્પ જ ન હોય એનું નામ વફા. એક નોકરિયાત શેઠના હિતની બહારની વસ્તુનો વિચાર જ ન કરી શકે ને લાખોની ઓફર છતાં એક નાનો ડેટા ય લિક કરવાની હરગીઝ તૈયારી ન હોય એનું નામ વફા, ચોર ચપ્પા કે પિસ્તોલથી લોહીલૂહાણ કરી દે તો ય કૂતરો એની સાથે કોઈ જ સમાધાન કરવા તૈયાર ન હોય એનું નામ વફા જરા જોઈએ વફાનું એક ઉદાહરણ.

## જશવંતસિંહ : ૧૯૬૨ના યુદ્ધમાં વીરગતિ પામેલા સૈનિકની સરહદે અખંડ ચોકી !

૧૯૬૨નો નવેમ્બર મહિનો.

૨૦મી ઓક્ટોબરે ભારત સામે જંગે ચડેલા ચીનના પક્ષે સ્થિતિ રોજ રોજ મજબૂત થતી જતી હતી. ભારત માટે શરણાગતિ સ્વીકારવા સિવાય કોઈ વિકલ્પ ખુલ્લો ન હતો.

કાશ્મીરમાં લદ્દાખ મોરચે અને ઉત્તર-પૂર્વ ભારતમાં અરૂણાચલ સરહદે ચીની સૈન્ય ઘણુ અંદર ઘૂસી આવ્યું હતું. એ સંજોગોમાં ઠાલી લડત આપી વધુ સૈનિકો અને સરંજામ ગુમાવવા કરતાં પીછેહઠ કરવી સારી એમ માની લશ્કરને ચોકીઓ રેઢી મૂકી સલામત સ્થળે ખસી જવા સૂચના આપી દેવાઈ હતી.

આજનું અરૂણાચલ પ્રદેશ રાજ્ય ત્યારે 'નોર્થ-ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી (નેફા)' તરીકે ઓળખાતા વિસ્તારનો ભાગ હતું. હિમાલયના સરેરાશ દસેક હજાર ફીટ કરતાં વધારે ઊંચા રણમેદાન પર લડવું ભારત માટે મુશ્કેલ હતું. કેમ કે સરહદ સુધી પહોંચવાનો કોઈ રસ્તો જ ન હતો. સામે પક્ષે ચીને યુદ્ધની પૂર્વતૈયારી રૂપે સરહદ સુધી તત્કાળ લશ્કર અને સાધન-સામગ્રી પહોંચાડી શકાય એવી વ્યવસ્થા કરી હતી. પરિણામ એ આવ્યું કે ટાંચા સાધનોથી લડવા નીકળેલા ભારતીય સૈનિકોના લોહીથી હિમાલયના હિમશિખરો રક્તરંજિત થતાં રહ્યાં.

ભારતના સ્વિઝરલેન્ડ કહેવાતા અરૂણાચલના તવાંગ પર ચીનનો ડોળો વર્ષોથી હતો (આજે પણ છે). નવેમ્બર ૧૯૬૨માં ચીન તવાંગ તરફ આગેકૂચ કરતું હતું. સૈનિકોએ ફરજિયાત પણે નુરનાંગ પાસે આવેલો આજે 'સેલા પાસ' કહેવાતો ઘાટ ઓળંગવાનો હતો. એ ઘાટ પાસે ભારતીય સેનાની એક ચોકી હતી. અહીં લડતા સૈનિકો પૈકી કેટલાક મરાઈ ચુક્યા હતા., જ્યારે બાકીનાએ આદેશ પ્રમાણે પીછેહઠ કરી હતી ગઢવાલ ઈન્ફન્ટ્રીના જશવંતસિંહ રાવત નામના એક રાઈફલમેન હજુયે આ ચોકી

પર મોજુદ હતા (રાઈફલ ઈન્ફન્ટ્રીઝ એ ભારતીય લશ્કરની એક શાખા છે.) એમને પણ સૂચના હતી કે ચોકી રેઢી મૂકી પરત આવતા રહો. પણ જશવંતસિંહના મનમાં કંઈક અલગ મનસૂબા ઘડાઈ ચૂક્યા હતાં.

૧૭મી નવેમ્બરની વહેલી સવારે સાડા પાંચ વાગે નુરનાંગની આ ચોકી પર ચીની સૈનિકોએ આક્રમણ કર્યું. ચીની ટુકડીમાં ૫૦ થી ૧૦૦ સૈનિકો હશે. તેમને ખબર ન હતી કે સામે પક્ષે ચોકી પર કેટલા ભારતીયો આપણો સામનો કરવા તૈયાર છે. ચીની સૈનિકોના હુમલાને ખાળવા જશવંતસિંહ એકલા હતા. તેમની સાથે સેલા અને નૂરા નામની બે સ્થાનિક યુવતીઓ હતી. જશવંતસિંહ કરો યા મરોના મૂડમાં હતા. પરિણામે ચીની સૈનિકોએ આક્રમણ કર્યુ એ સાથે જ જશવંતસિંહે લડત આપી. ચીની સૈનિકો સમજી ન શક્યા કે સામનો કરનારા સૈનિકો છે કેટલાં, કેમકે જશવંસિંહ બે બંકર વચ્ચે ઘડીક અહીંથી તો ઘડીક ત્યાંથી ગોળીઓ ચલાવતા હતા. એ દોડાદોડીમાં તેમને પેલી બે યુવતીઓ મદદ કરતી હતી. પરિણામે ચીની ટુકડી અટકી ગઈ અને મદદ માટે વધુ સૈનિકો બોલાવ્યા.

આ બાજુ એકલા જશવંતસિંહે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી લડત આપીને ચીનાઓનું મહત્તમ નુકસાન કરવાનું નક્કી કર્યુ હતું જશવંતસિંહને ખબર હતી કે પોતે એકલપંડે આખી ચીની સેનાને રોકી શકવાના નથી. પરંતુ એનો મતલબ એ પણ નથી કે કાયરની માફક શરણાગતિ સ્વીકારી લેવી ! દરમિયાન થોડા વધુ ચીની સૈનિકો ઠલવાયા. આ બાજુ જશવંતસિંહનો જંગ ચાલુ જ હતો. પહાડી પૃષ્ઠભૂમિમાં ક્યાંથી કેટલા સૈનિકો લડત આપી રહ્યાં છે એ ચીની સેનાને સમજાતું ન હતું. સામસામા ગોળીબારમાં ચીની સૈનિકોના પણ મોત થઈ રહ્યાં હતાં.

એમ કરતાં કરતાં એક દિવસ પુરો થયો, બીજો દિવસ પુરો થયો, ત્રીજો દિવસ.. લડત હજુય ચાલુ હતી. ભારત તરફે જશવંતસિંહ એકલા અને સામે પક્ષે સંખ્યાબંધ સૈનિકો.. મદદ માટે વધુ સૈનિકો આવ્યા બાદ ચીની ટૂકડીની સંખ્યા ૩૦૦ સુધી પહોંચી હતી. આ બાજુ જશવંત એકે

હજારા કહેવતને સાર્થક કરતાં વનમેન આર્મીનો રોલ ભજવતાં હતાં. જ્યાં સુધી ચીની સૈનિકોને ખબર ન પડે કે જશવંતસિંહ એકલા છે, ત્યાં સુધી નુરનાંગ જીતવું ચીનાઓ માટે મુશ્કેલ હતું.

ત્રીજા દિવસે જશવંતસિંહને ખોરાક-પાણી આપવા જઈ રહેલો એક સ્થાનિક ગામવાસી ચીની સૈનિકોના હાથે પકડાઈ ગયો. ચીની સૈનિકોએ તેને ત્રાસ આપ્યો એટલે તેણે માહિતી આપી દીધી કે ત્યાં તો એક જ સૈનિક છે ! પહેલાં તો ચીની સૈનિકોને આઘાત લાગ્યો અને પછી જશવંતસિંહની બહાદુરી પર માન પણ થયું. એક જ લડવૈયો છે એવી ખબર પડતાં ચીનાઓએ અંધાધૂધ ફાયરિંગ અને બોમ્બમારો કરી જશવંતસિંહને શરણે આવવા મજબૂર કરી દીધાં. ત્યાં સુધીમાં જશવંતસિંહ પાસે પણ ગોળા-બારૂદનો જથ્થો ખતમ થવા આવ્યો હતો. 'પોઈન્ટ ૩૦૩' રાઈફલમાં માત્ર એક ગોળી રહી હતી, દસેક હજાર ફીટની ઊંચાઈએ ચાલતી એ લડાઈ હવે નિર્ણાયક તબક્કે પહોંચી  હતી.

ચીની સૈનિકો આવી પહોંચ્યા. શરણાગતિ સ્વીકારવી અથવા એક ગોળી ખાઈ મોતને આવકારવું એ બે જ વિકલ્પો હતાં જશવંતસિંહ પાસે. તેમણે બીજો વિકલ્પ પસંદ કર્યો પોતાની બંદુકની છેલ્લી ગોળી પર ખૂદ જશવંતસિંહનું જ નામ લખાયેલું હતું ! વધુ એક જવાન શહીદ થયો. ગુસ્સે થયેલા ચીની કમાન્ડરે મૃતક જશવંતસિંહનું માથુ વાઢી લીધું અને પોતાની સાથે ચીન લેતો ગયો. ત્યાં સુધીમાં ૭૨ કલાક પસાર થઈ ગયા હતાં. એક એકલા સૈનિકે ૩૦૦ સૈનિકોને ૭૨ કલાક સુધી લક્ષ્મણરેખા ઓળંગતા અટકાવ્યા હોય એવો દાખલો યુદ્ધના ઈતિહાસમાં બીજે  ક્યાં મળવાનો ?

* * * * *

૨૧મી નવેમ્બરે તો યુદ્ધવિરામ થઈ ગયો. ભારતે હથિયારો હેઠા મુકી દીધા. બન્ને દેશો વચ્ચે રાબેતા મુજબ વાટા-ઘાટો ચાલી. કેદ થયેલા ભારતીય સૈનિકો પરત આવ્યા. જે ચીની કમાન્ડરે જશવંતસિંહનું માથુ

વાઢી લીધું હતું એ જશવંતસિંહના પરાક્રમથી એટલો બધો પ્રભાવિત થયો કે તેણે જશવંતસિંહના મોઢાનું તાંબાનું પૂતળું (બસ્ટ) બનાવી ભારતને પરત આપ્યું. ભારત સરકારે પણ જશવંતસિંહના પરાક્રમની કદર કરતાં તેમને મરણોત્તર મહાવીર ચક્રથી નવાજ્યાં.

* * * * *

અરૂણાચલમાં તવાંગ જતી વખતે રસ્તામાં જશવંતગઢ આવે છે. એ જશવંતગઢનું નામ જ જશવંતસિંહના પરાક્રમોને અંજલિ આપવા પડ્યું છે. અહીં રાઈફલમેન જશવંતસિંહનું 'મંદિર' છે ! જશવંતસિંહ તો ૧૯૬૨માં જ વીરગતિ પામ્યા પણ અહીં આજેય તેમને જીવંત સૈનિક માફક માન અપાય છે. રોજ સવારે સાડા ચારે જશવંતસિંહને પથારીમાં ચા આપવામાં આવે છે ! નવ વાગે જશવંતસિંહ નાસ્તો કરે છે અને સાંજે સાત વાગે તેમના ભોજનની થાળી પણ જશવંતસિંહની તસવીર આગળ મૂકવામાં આવે છે !

જશવંતસિંહ વાપરતા એ બધી જ ચીજો અહીં સાચવી રખાઈ છે. જશવંતસિંહના શૂઝ નિયમિત પોલિશ થાય છે, તેમના કપડાંની ધોલાઈ અને ઈસ્ત્રી થાય છે, પથારી પરની ચાદર નિયમિત બદલાવાય છે. ટૂંકમાં એક જીવંત વ્યક્તિની થતી હોય એ રીતે જ એમની સેવા થાય છે. ગઢવાલ રાઈફલની ટૂકડી ગમે તે સરહદે ફરજ બજાવતી હોય, તેના ૫-૬ જવાનો અહીં જશવંતસિંહની સેવામાં હાજર રહે છે.

જશવંતસિંહની ગણતરી એક કાર્યરત જવાન તરીકે થાય છે, એટલે આટલા વર્ષોની નોકરીમાં પ્રમોશન પણ આવે ને ! ૧૯૬૨માં જે જશવંતસિંહ રાઇફલમેન હતા એ કેપ્ટન, લેફ્ટનન્ટ કર્નલ, કર્નલ અને બ્રિગેડીયરથી પણ ઊંચી પાયરીના ગણાતા હોદ્દા મેજર જનરલ સુધી પહોંચ્યા છે. જશવંતસિંહને નિયમિત રજાઓ પણ મળે છે ! પણ મરેલો વ્યક્તિ કેવી રીતે રજાની અરજી કરે ? ના, જશવંતસિંહ નહીં, તેમના ઘરના સભ્યો વાર-તહેવાર પ્રસંગે રજા માટે અરજી કરે છે, જે કાયદેસર

રીતે મંજૂર થાય એટલે જશવંતસિંહ રજાનો આનંદ માણી શકે છે. અહીં તેમના સ્મારકમાં જ એક સર્ટિફિકેટ લટકે છે. જેમાં જશવંતસિંહને તેમના કુટુંબના એક સભ્ય યોગિન્દ્રના લગ્ન માટે દસ દિવસની રજા અપાઈ હોવાનું મંજૂરીપત્ર છે ! રજા મંજૂર થાય એટલે અહીં રાખેલી જશવંતસિંહની છબી તેમના ઘરે લઈ જવાય છે. જાણે જશવંતસિંહ ઘરે જઈ રહ્યા છે ! એ પણ એક મેજર જનરલને મળતાં હોય એ બધા જ લશ્કરી સન્માન સાથે તેમનો પગાર અને બીજી સુવિધાઓ તેમના ઘરના સભ્યોને મળતી રહે છે.

ચીની કમાન્ડરે આપેલું તાંબાનું પૂતળું જશવંતગઢ ખાતેના કિલ્લેબંધ સ્મારકમાં જ રાખવામાં આવ્યું છે. પરંપરા પ્રમાણે અહીંથી નીકળતા દરેક લશ્કરી અધિકારીએ જશવંતસિંહને સલામી આપવા રોકાવવું ફરજિયાત છે. જશવંતસિંહ સાથે શરૂઆતમાં ત્રિલોક અને ગોપાલ નામના બે સૈનિકો પણ હતાં જેમના બહુ પહેલા મોત થઈ ચૂક્યા હતા. એને પણ વીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જ્યારે જશવંતસિંહને મદદ કરનારી પેલી બે યુવતીઓ પૈકી એકના નામે આજે ત્યાંનું એક સ્થળ સેલાઘાટ નામે ઓળખાય છે. પૌરાણિક કથાઓમાં માથા વગરના ધડ લડતાં એમ અહીં જશવંતસિંહનો સ્થૂળ નહીં પણ સૂક્ષ્મ દેહ લડત આપી રહ્યો છે.

* * * * *

૧૯૬૨ના યુદ્ધમાં ભારતે સત્તાવાર રીતે ૨૪૨૦ સૈનિકો ગુમાવ્યા હતા. એ બધામાં જશવંતસિંહ એકમાત્ર એવા છે, જેઓ મર્યા પછી પણ જીવતાં છે. દરમિયાન ૫૦ વરસ પહેલાં પણ ચીનની નજર અરૂણાચલ પ્રદેશ પર હતી અને આજે પણ છે. ચીને ભારતની સરહદને અડીને રોડ-રસ્તાં-રેલવે લાઈનો બાંધી દીધી છે, જેથી જરૂર પડે ત્યારે ચીની સૈન્ય અને પુરવઠો બન્ને ગણતરીના કલાકોમાં સરહદે પહોંચાડી શકાય. સામે પક્ષે ભારતના રાજનેતાઓ પાસે લશ્કર હિમાલયના સરહદી મોરચે કઈ રીતે પહોંચશે એ ચિંતા કરવાનો સમય નથી. અડધી સદી પછી પણ ભારત ભારત છે અને ચીન ચીન જ છે. (- બ્રેવ હાર્ટ્સથી સાભાર)

જશવંતસિંહ ભાગી શકતા હતા, જીવ બચાવી શકતા હતા, પણ જીવ બચાવી લેવો એ એમના માટે મોત હતું. દેશ બચાવી લેવો એ એમના માટે જીવન હતું. શા માટે ભારત સરકાર મને અહીં સૈનિકો અને હથિયારોનો પૂરવઠો ન આપે ? શા માટે આજે ત્રીજા દિવસે પણ હું જ મરણિયો બનીને લડી રહ્યો છું ? જો અધિકારીઓને મારી કશી પડી ન હોય, તો મારે પણ મારી ફરજ નિભાવવાની જરૂર શું છે ? આવી રીતે મરી જવા કરતા હું મારી રીતે મારી લાઈફ કેમ ન જીવું ? આવો વિચાર સુદ્ધા જશવંતસિંહના મનમાં નથી આવ્યો. વફાના વિચારકોશમાં આ વિચારોના પુદ્‌ગલો જ હોતા નથી.

હું તમને પૂછું છું, તમારા જીવનનો અર્થ શું છે ? બૈરું-છોકરું કરી ઘર-દુકાનના ચક્કરો કરવા માટે જ તમારું જીવન છે ? પૈસાની લ્હાયમાં દોડતા રહેવું ને આખી જિંદગીનું ભેગું કરેલું અહીં મુકીને પરલોક ભેગા થઈ જવું. આના માટે જ તમારું જીવન છે ?

મને કહેવા દો કે તમારું જીવન શાસનની વફા માટે છે. મને પ્રેસિડેન્ટ બનાવો તો હું શાસનનું કામ કરું, આ શાસનની વફા નથી, મારી પ્રશંસા કરતા રહો, તો હું કામ કરું આ શાસનની વફા નથી. શા માટે શ્રીમંતો અને અગ્રણીઓ મને એમની પહોંચ અને પૈસાનો સપોર્ટ પૂરો ન પાડે - આ શાસનની વફા નથી, જો કોઈને મારી કાંઈ પડી જ ન હોય, તો હું શા માટે ઘસાયા કરું - આ શાસનની વફા નથી. જો કોઈને શાસન પ્રત્યેની ફરજ ન નિભાવવી હોય, તો હું પણ શા માટે નિભાવું આ શાસનની વફા નથી. સંઘમાં આવવું - શાસનમાં આવવું, સેવા કરવી ને લોકોની ટીકા-ટિપ્પણોમાં અટવાવું. એના કરતા મારો સંસાર શું ખોટો ? આ શાસનની વફા નથી. શાસનની ઉપેક્ષાના વિચાર સુદ્ધાના રો-મટિરિયલ પુદ્‌ગલોને જ નો એન્ટ્રી હોય, એ શાસનની વફા છે.

શા માટે જીવનમાં શાંતિ નથી ? શા માટે રોગચાળા ચાલ્યા કરે છે ? શા માટે જીવન ત્રસ્ત ત્રસ્ત છે ? શા માટે સતત માથે લટકતી

તલવાર છે ? શા માટે સગો દીકરો ય વફાદારી દાખવતો નથી ? શા માટે ધંધાના ટેન્શનો ટળતા જ નથી ? શા માટે અકૃત્રિમ સહજ આનંદ શું હોય એની આપણને જાણ નથી ? જવાબ એક જ છે, આપણે શાસનના વફાદાર નથી.

રાતે માણસ પોતાની આજની કમાણી ગણીને સૂઈ જાય છે. કમાયાનો સંતોષ ને ન કમાયાનો અસંતોષ - આ બંને લાગણી સાથે સૂઈ જાય છે. શાસનની વફા કેળવવી હોય, તો રોજ રાતે સૂતા પહેલા એટલો વિચાર કરો કે આજે હું શાસન માટે કેટલું ઘસાયો ? જેટલા ઘસાયા એટલો સંતોષ ને જેટલા ન ઘસાયા એટલો અસંતોષ લઈને સૂઈ જઈએ, એ શાસનની વફા છે.

વફામાં વિવેક ભળે એટલે વ્યૂહ આપોઆપ પ્રગટે છે. આજે માત્ર વફાની જ નહીં વ્યૂહની પણ વાત કરવી છે, સમ્મતિતર્ક પ્રકરણનો એક પદાર્થ છે.

**ण हु सासणभत्तीमेत्तएण सिद्धंतजाणओ होइ ।**
**ण वि जाणओ वि णिअमा पन्नवणानिच्छिओ नामं ।।**

***ફક્ત શાસનભક્તિ હોય***
***એનાથી જ સિદ્ધાન્તજ્ઞાતા બની જવાતું નથી***
***અને જે સિદ્ધાન્તજ્ઞાતા હોય એ અવશ્યપણે***
***પ્રરૂપણાનિશ્ચયસંપન્ન જ હોય***
***એવું જરૂરી નથી.***

વ્યૂહ વગરની વફાથી શાસનને લાભ થતો નથી, કદાચ થાય તો નજીવો લાભ થાય છે. સૌથી ગંભીર વાત એ છે કે એનાથી નુકશાન થવાની સંભાવના રહે છે, નુકશાન ન થાય તો ય લાભની ઓછાશ એ પણ એક જાતનું નુકશાન જ છે. સમયનો વ્યૂહ, શક્તિનો વ્યૂહ, બુદ્ધિનો વ્યૂહ, આક્રમણનો વ્યૂહ, જંગનો વ્યૂહ... સાવ ઓછા સંસાધનોમાં અકલ્પ્ય સિદ્ધિ... વફા અને વ્યૂહ મળીને શું કામ કરી શકે છે, તે જોઈએ.

શાઈસ્તાખાનને પુણેથી ભગાડવો કઈ રીતે એ વિશે શિવાજી મહારાજ વિચારતા હતા. ત્રણ વર્ષથી એ સ્વરાજ્યમાં તંબૂ નાખીને બેઠો હતો. એની પ્રચંડ સેના સાથે ખુલ્લા મેદાનમાં મુકાબલો કરવો અશક્ય હતું. કાવાદાવાથી કે ગેરીલા પદ્ધતિથી થોડી થોડી સાફસૂફી કરતા ગયા તોય હાથી જેવી, વિશાળ ફોજ ખતમ થવાની નહોતી. અંતે સહ્યાદ્રિના સિંહે એ મદમસ્ત હાથીના ગંડસ્થળ પર જ છલાંગ મારી એને ચીરી નાખવાનો નિશ્ચય કર્યો.

**શિવાજી મહારાજના મનને પસંદ પડે એવી આ યોજના હતી. યોજના અત્યંત સાહસિક અને પ્રાણ સંકટમાં નાખનારી હતી ! એનુ સ્વરૂપ પણ ખતરનાક હતું. એક રાતે મહારાજ પોતે જ પુણેના લાલમહેલમાં જશે અને શાઈસ્તાખાનને પૂરો કરી, પાછા આવતા રહેશે. આ કેવું ગાંડપણ.. કેટલું ખતરનાક સાહસ ! લાલમહેલની આસપાસ એક લાખ લશ્કરનો ઉઘાડી તલવારનો પહેરો હતો ! રાજા જશવંતસિંહ જેવો પ્રસિદ્ધ રાજપૂત સરદાર બાજુમાં જ એની ફોજ સાથે સિંહગઢનો મોરચો બાંધીને ઊભો હતો. આવા ભયાનક સર્પાકાર વ્યૂહમાં ઘૂસી જવાનું તો દૂર રહ્યું, સપનામાં પણ એમાં પ્રવેશ કરવો અસંભવ હતું ! લાલમહેલ પણ અભેદ્ય હતો. દાદાજી કોંડદેવ અને શિવાજીએ પોતે જ અંગત દેખરેખ હેઠળ એનું નિર્માણ કરાવ્યું હતું.**

મહારાજ નિર્ધારના ખૂબ પાક્કા હતા ! આવો નિર્ધાર... આવું સાહસ મહારાજને અતિપ્રિય હતું ! એમની સાથે જવા માટે એમના સાથીદારોમાં ચડસાચડસી થતી.

ચૈત્ર સુદ આઠમ, ૬ એપ્રિલ, ૧૬૬૩ની મધ્ય રાત્રિનું મુહૂર્ત નક્કી થયું ! બીજા દિવસે રામનવમી હતી ! નેતાજી પાલકર, મોરોપંત પિંગળે વગેરે સૌને મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી. દેવી ભવાની અને માતા જીજાબાઈના આશીર્વાદ મેળવી, બે હજારની સેના લઈ મહારાજ રાયગઢથી શસ્ત્રસજ્જ થઈ નીચે ઉતર્યા. ગુપ્તચરો દ્વારા એમણે પહેલાં જ શાઈસ્તાખાનના મોરચાની ઝીણી-ઝીણી માહિતી મેળવી લીધી.

**પુણેથી એક માઈલ દૂર આવીને શિવાજી ઊભા રહ્યા. અડધી રાત**

**વીતી ચૂકી હતી. આકાશમાં આઠમનો ચંદ્ર મંદ મંદ હાસ્ય વેરી રહ્યો હતો. મહારાજે આ સમય પસંદ કર્યો એની પાછળ પણ એક હેતુ હતો.. એનું પણ એક મહત્ત્વ હતું ! મુસલમાનો માટે એ ખૂબ પવિત્ર દિવસો હતા. રોજા-એ-શરીફનો મહિનો હતો ! આખો દિવસ ઉપવાસ, રાત્રે પેટ ભરીને ખાવાપીવાનું... ! પરિણામે ગાઢ મીઠી ઊંઘ આવી જતી ! રમજાનનો છઠ્ઠો દિવસ પસંદ કર્યો એની પાછળ પણ એક મહત્ત્વનું કારણ હતું. ઔરંગઝેબે સત્તા સંભાળી એને એ દિવસે એક વર્ષ પૂર્ણ થતું હતું. મોટી ઈદ જેવો આનંદોત્સવ હતો ! પુણેની છાવણીમાં રાતદિવસ દસ-વીસ વખત નગારાં, તુરઈ વગેરેના વાદ્યઘોષ થતા ! રમજાન અને એમાંય સત્તાને એક વર્ષ... પછી પૂછવાનું શું હોય ? ઔરંગઝેબને એના સસરા શાઈસ્તાખાને અગણિત ભેટ-સોગાદ રવાના કરી હતી, બીજું પણ ખબર નહીં, ઘણું બધું મોકલ્યું હતું. પોતપોતાની ટુકડીઓ સાથે નેતાજી પાલકર અને મોરોપંત પિંગળે સિંહગઢના રસ્તે રાહ જોતા ઊભા હતા. રસ્તામાં પણ ઠેર-ઠેર નગારાં, ઢોલ, તુરઈ વગેરે હાથમાં લઈ માવળા પણ ઊભા રહ્યા. સર્જેરાવ જેધેએ મહારાજનો ઘોડો શણગાર્યો. લાલમહેલનું કામ પૂરું થતાં જ મહારાજ અને બાકીના સૌ સિંહગઢ તરફ રવાના થઈ જાય ત્યાં સુધીની બધી જ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ. દરેકને નિશ્ચિત, સ્પષ્ટ, નક્કી કામ સોંપાયું હતું ! એકાદે પણ થોડીક ભૂલ કરી તો મૃત્યુ નક્કી હતું. એમાંય બાબાજી, ચિમણાજી એ બે ભાઈઓ પર સૌથી વધુ કપરી જવાબદારી હતી ! બંને ભાઈ શિવાજીના બાળગોઠિયા ! લંગોટિયા મિત્ર! પુણેમાં રમતાં-કૂદતાં મોટા થયા હતા, પુણે અને એમાંય લાલમહેલના ખૂણેખૂણા અને એકેએક ઈંટથી પરિચિત હતા.**

બાબાજીની ટુકડી આગળ ગઈ. એની પાછળ ચિમણાજીની ટુકડી... એમાં એક શિવાજી પણ હતા. અડધી રાત વીતી ગઈ હતી. બધા ઊંઘતા હતા. ચોકીદારો હંમેશાંની જેમ પહેરો ભરી રહ્યા હતા. લાલમહેલમાં રહેતા સૌ લોકો પણ મીઠી નીંદર માણી રહ્યા હતા. પુણે એ વખતે ત્રણ હજારની વસતિવાળું નાનું ગામડું હતું ! પરંતુ આ નાનકડા ગામની આસપાસ જ

એક લાખની સેનાએ પ્રચંડ ડેરા-તંબૂ તાણ્યા હતા. બાબાજીની ટુકડી પુણેની સીમે પહોંચી. પહેરેદારો દેખાવા લાગ્યા. હવે 'સંકટ વર્તુળ'માં પગ મૂકવાનો હતો. એ પછી દરેક પગલે આફત જ આફત હતી. ગમે તે પળે કંઈ પણ બની શકે છે, પરંતુ આ તો એકેકથી ચડે એવા હોનહાર હતા. એક જ અખાડાના ચેલા હતા ! ત્યાંના ચહેરાને નજરઅંદાજ કરી, એમની વચ્ચેથી જ સીધા ગામમાં પહોંચી ગયા.

આરામથી ટહેલતી જઈ રહેલી ટુકડીને પહેરેદારોએ અટકાવી પૂછ્યું : 'ઊભા રહો, કોણ છો ?'

'અમે ? સેનાની ટુકડી ! પહેરો ભરવા ગામ બહાર ગયા હતા. હવે અમારા ઉતારે પાછા ફરીએ છીએ.' એમની વાતચીત, હાવભાવ ખૂબ સ્વાભાવિક હતાં. કોઈના પર શંકા જાય એવું હતું જ નહીં. વળી, શાઈસ્તાખાનની ફોજમાં ખૂબ મોટી સંખ્યામાં મરાઠા સૈનિકો તો હતા જ. એ બધા પહેરો ભરવા આવ-જા કરે એ સાવ સામાન્ય વાત હતી અને આ તો પાછો મોગલ દરબાર હતો ! કોણ કોને ઓળખતું હતું ? કોને કોની ચિંતા હતી ?

બાબાજીની ટુકડી તો આગળ સહીસલામત રીતે પુણેની સીમા પાર કરી અંદર પહોંચી ગઈ. એ પછી ચિમણાજી પણ એ જ રીતે અંદર ગયા. એ ટુકડીમાં તો સ્વયં શિવાજી મહારાજ પણ હતા. આ બધા આમ જ સીધા લાલમહેલ જઈ, શાઈસ્તાખાનની ગરદન ઉડાડશે અને શાંતિથી પાછા પણ ફરશે એવું પેલા પહેરેદારોને કોઈ કહે તો એ માનવાના થોડા હતા ! માવળા, શિવાજી અને એમના સાથીઓ પણ એટલા ભોળા અને અબુધ થોડા છે કે આવું ગાંડપણ કરે ? આખા રસ્તે આગળ પહેરેદારોને આપ્યો હતો એવો જ જવાબ આપતાં આપતાં, સાવધાનીપૂર્વક ધીમેધીમે પગલું ભરતા અંતે બધા લાલમહેલની નજીક પહોંચી ગયા. જેમ તેમ કરી સેંકડો લોકોની આંખોમાં ધૂળ નાખતાં નાખતાં નાની નાની ટુકડીઓમાં જ આગળ વધવાની તેમણે સતર્કતા રાખી હતી.

...છેક લાલમહેલ સુધી તો પહોંચી ગયા, હવે લાલમહેલના આંગણામા પ્રવેશવું કેવી રીતે ? પરંતુ બગીચાના માળીને અગાઉથી ભેટ-સોગાદ આપી પોતાના તરફ કરી લીધો હતો.

**લાલમહેલની પાછળ રસોઈઘર હતું. રસોઈઘર અને ખાનના જનાનખાના વચ્ચે એક સામાન્ય ઈંટોની પાતળી દીવાલ હતી ! રસોઈઘરમાં પ્રવેશવા માટે એક સાદો દરવાજો હતો. કેવી રીતે જવું ? ક્યાં જવું એનો નિર્ણય અગાઉથી જ થઈ ચૂક્યો હતો. પૂર્વયોજના... પૂર્ણ યોજના... એટલું જ નહીં, પરિપૂર્ણ યોજના જ શિવાજીની સફળતાની ચાવી હતી. શિવાજી અને એમના ચારસો સાથીઓ જરા પણ અવાજ કર્યા વગર ભૂતની જેમ રસોઈઘરમાં ઘૂસી ગયા. રમજાનના લીધે સવારની રસોઈની તૈયારીઓ ચાલી રહી હતી. રમજાનમાં સૂર્યોદય પછી ખાવાની મનાઈ છે ! રસોઈયા રસોઈ બનાવવામાં મશગૂલ હતા. હવે જનાનખાનામાં જવા માટે આડી દીવાલને તોડવાની હતી, પરંતુ એ પહેલાં પેલા રસોઈયાઓનું શું કરવાનું ! એક જ ક્ષણમાં કોઈ ચીસ કે અવાજ વિના બધા જ પઠાણ રસોઈયાઓ મરાઠાઓની તલવારથી ઢગલો થઈ ગયા. તરત જ દીવાલને તોડવાનું કામ શરૂ થયું.**

અવાજ સાંભળી અંદરનો એક નોકર જાગી ગયો. આખું દશ્ય જોતાં જ એનું તો કાળજું જ ફાટી ગયું. એ સીધો શાઈસ્તાખાન પાસે દોડ્યો. રસોઈઘરમાં કંઈક ગરબડ ચાલી રહી હોવાની વાત એણે ગભરાતાં-ગભરાતાં શાઈસ્તાખાનને કહી, પરંતુ ભોગવિલાસના ઉન્માદમાં ચૂર બનેલા ખાને પેલા બિચારા નોકરને જ ગુસ્સાથી તતડાવી નાખ્યો, 'ક્યાંક, સવારની રસોઈ માટે રસોઇયા ઊઠ્યા હશે. ફરી ઊંઘ ખરાબ કરી તો તારી ખેરિયત નથી' એવી દમદાટી આપી ભગાડી મૂક્યો. રસોઈઘર છે એટલે ઉંદરડાઓનો અવાજ હશે એમ ખાને મન મનાવ્યું. વાસ્તવમાં એ 'ઉંદર'નો જ અવાજ હતો ! પરંતુ એ રસોઈઘરનો નહીં, પહાડનો ઉંદર હતો ! થોડીક પળ વીતી, ત્યાં જ દીવાલ તોડીને એક પછી એક નગ્ન

તલવાર લઈને અમુક લોકો અંદર ઘૂસી રહ્યા હોવાનું દશ્ય કેટલીક સ્ત્રીઓએ જોયું, બધી બૂમો પાડતી ખાનના આરામગૃહ તરફ દોડી ત્યારે ખાન પૂરેપૂરો જાગ્યો. અંગારાઓ પર એનો પગ પડ્યો હોય એમ એ પલંગ પરથી છલાંગ મારતો કૂદ્યો. ભાલો-તીરકામઠું જે હાથમાં આવ્યું એ લઈને એ જનાનખાના તરફ દોડ્યો. એને જોતાં જ મરાઠા એના પર તૂટી પડ્યાં. ત્યાં જ એના જનાનખાનાની એક મહિલાએ ખૂબ ચાલાકીપૂર્વક દીવો ઓલવી નાખ્યો. બાકીની મહિલાઓએ ખાનને હાથથી ખેંચી જનાનખાનામાં પડદા પાછળ છુપાવી દીધો. અંધારામાં ખાનને શોધતા, તલવારો ઘૂમાવતા મરાઠા વીર આમતેમ દોડવા લાગ્યા. લાલમહેલમાં ઊંઘતા પહેરેદારોને 'કેવો પહેરો ભરો છો ?' એવું પૂછતાં પૂછતાં એમણે પોતાની શમશેરોથી એમને કાયમ માટે ઊંઘાડી દીધા. સમગ્ર લાલમહેલ હાહાકાર... ચીસાચીસથી હચમચી ગયો. ચારેબાજુ ચીસો હતી: 'શેતાન મરાઠાઓ આવ્યા.. દુશ્મનો આવ્યા..' પરંતુ બધાને એક વાત સમજાતી નહોતી કે એ આવ્યા કેવી રીતે ? ક્યાંથી આવ્યા ? કોઈને કશી ખબર નહોતી !

**ખાનના અમુક મરાઠા સૈનિકો નગારાખાનામાં ગયા અને કહ્યું, 'ખાનસાહેબે નગારાં વગડાવવાનો હુકમ કર્યો છે.' ભયાનક શોરબકોરમાં હવે નગારાંનો અવાજ પણ ભળ્યો. હૃદય કંપાવી મૂકે એવી ધમાલ મચી હતી ! લશ્કરી છાવણીમાંથી હજારો સૈનિક લાલમહેલ તરફ દોડ્યા. છતાં શિવાજીના માણસોએ લાલમહેલના બધા જ દરવાજા અંદરથી બરાબર બંધ કરી દીધા હતા.**

હોહા સાંભળતાં જ ખાનનો બહાદુર બેટો અબલ ફતેહખાન બાપની મદદે દોડ્યો. છુપાઈને બેઠેલા પોતાના બાપને એણે ખૂબ ચતુરાઈપૂર્વક કહ્યું, 'અરે, સિપાઈ, આ લોકો તો શાઈસ્તાખાનને શોધી રહ્યા છે, તને નહીં...' અવાજ સાંભળતાં જ એને જ ખાન સમજી મરાઠાઓએ ફતેહખાનને જ ખતમ કરી નાખ્યો. ગાઢ અંધકાર અને ચીસાચીસમાં કોઈને કશી ખબર પડે એમ નહોતું. એમાં જ ખાનની ઘણી બેગમો મરાઠાઓની તલવારનો શિકાર

બની ગઈ. ખાન પડદા પાછળ જ બેગમો વચ્ચે ફફડતો... પ્રાણ હથેળીમાં દબાવીને બેઠો હતો. ખાનને શોધવા મહારાજ સીધા જ જનાનખાનામાં ઘૂસ્યા. એમની તલવારના ઘાથી 'ચરરર...' કરતો પડદો ચિરાઈ ગયો. ખાન ઊભો થઈ ગયો. એની ધૂંધળી આકૃતિ જોઈ મહારાજે અનુમાનથી તલવાર ચલાવી. 'કચાક્...' અવાજ સાથે એક ભયાનક ચીસ ઊઠી. ખાન મરાયો એમ સમજી મહારાજ ત્યાંથી તરત નીકળી ગયા, પરંતુ ખાનની જમણા હાથની માત્ર ત્રણ આંગળીઓ જ કપાઈ હતી. એ બારીમાંથી નીચે કૂદીને ભાગી ગયો.

કામ પતી ગયું. હવે અહીંથી તાત્કાલિક નીકળી જવાનું મહારાજે નક્કી કર્યું. ત્યાં સુધીમાં મહેલની આસપાસ ફોજીઓ જમા થઈ ગયા હતા. ચારેબાજુ 'આફત... સંકટ'ની બૂમાબૂમ... હોકારા-પડકારા અને ચીસાચીસ હતી ! મહેલની અંદર મરાઠાઓ પણ આ બૂમાબૂમમાં સામેલ થઈ બૂમો પાડવા લાગ્યા. ત્યાં જ કોઈએ મહેલનો દરવાજો ખોલી નાખ્યો. મહેલની અંદર અને બહાર અંધારું... કોલાહલ... ગભરાટ અને ખળભળાટ હતો. આ અંધાધૂંધીમાં જ મહારાજ અને એમના સાથીઓ પણ 'આફત... આફત...' ની બૂમો પડતા બહાર દોડ્યા ! કોઈને કશી ખબર પણ પડી નહીં અને ખાનના મોરચાને પાર કરી મહારાજની ટુકડી રવાના થઈ ગઈ. જસવંતસિંહની સામેથી જ એ બધા સરકી ગયા. આગલી રાતે જ અપાર હીરા-ઝવેરાતની બક્ષિસ મોકલાવી શિવાજીએ એને પોતાની તરફ કરી લીધો હોવાનું અમુક ઇતિહાસકારોએ લખ્યું છે.

ખાનની છાવણીની બહાર મોરોપંત પિંગળે વગેરે ઘોડાની લગામ ઝાલી રાહ જોતા ઊભા હતા. શિવાજી આવતાં જ સૌ છલાંગ મારી ઘોડા પર બેઠા અને વિદ્યુતવેગે સિંહગઢ તરફ હંકારી ગયા.

**લાલમહેલની અંદર-બહાર ઘોંઘાટ ચાલતો હતો! ચારેબાજુ શિવાજીની શોધ ચાલી રહી હતી ! અંધારાના કારણે શાઈસ્તાખાન બચી ગયો હતો. એની આંગળીઓમાંથી લોહી ટપકી રહ્યું હતું ! શિવાજીના**

**સાત સૈનિકો માર્યા ગયા. શાઈસ્તાખાને એનો મોટો દીકરો ફતેહખાન, સાત પત્નીઓ, એક સેનાપતિ અને ચાલીસ સૈનિકો ગુમાવ્યા હતા...! અને હા, આની સાથે પેલી ત્રણ આંગળીઓ પણ...!**

ખાનની ચારેબાજુ એક લાખની સેના પહેરો ભરતી હોવા છતાંય અચાનક લાલમહેલની છેક અંદર શિવાજી આવ્યો કેવી રીતે ? અને મારકાપ કરી ભાગી કેવી રીતે ગયો ? કોઈએ એને જોયો સુધ્ધાં નહીં ! આનો સીધોસાદો અર્થ એક જ છે કે શિવાજી આદમી નહીં, શેતાન છે! હેવાન છે! ચારેબાજુ આવી માન્યતા ફેલાઈ ગઈ.

બીજા દિવસે શિવાજી મહારાજ સુખરૂપ રાયગઢ પહોંચી ગયા. એમણે જીજામાતાને પ્રણામ કર્યા અને કહ્યું, 'મા, તારા આશીર્વાદથી જીતીને આવ્યો !' એ રામનવમીનો દિવસ હતો ! મહાપરાક્રમી પ્રભુ શ્રી રામચંદ્રના જન્મદિવસે એક અનન્ય-અનોખી ગરિમા પ્રાપ્ત થઈ. શિવાજી મહારાજે આપણા પ્રાચીન પરાક્રમી પૂર્વજોના જન્મદિવસને કેવી રીતે ઊજવવો જોઈએ એનો નવો અધ્યાય સમગ્ર હિન્દુસમાજને શીખવ્યો !

શિવાજીના આ અકલ્પ્ય મર્માઘાતથી શાઈસ્તાખાન છેક અંદરથી ભાંગી પડ્યો. કોઈ પિશાચ પીડાથી રીબાતો હોય એવી એની દશા થઈ ગઈ. ત્રણ વર્ષથી સ્વરાજ્યમાં સતત અત્યાચાર જુલમોનો આતંક ફેલાવનાર શાઈસ્તાખાન હવે પુણેના ખોફનાક લાલમહેલમાં ત્રણ દિવસ પણ રહેવા તૈયાર નહોતો. આંખ બંધ હોય કે ખુલ્લી એને સામે તલવાર વીંઝી પોતાની પર તૂટી પડતા શિવાજીનું જ ચિત્ર દેખાયા કરતું ! કોળિયો મોં નજીક લાવતાં ખાનને શિવાજી યાદ આવતા.. કપાયેલી ત્રણ આંગળીઓ દ્વારા એને ત્રણ અક્ષર 'શિ-વા-જી !'નું જ હરપળ સ્મરણ થયા કરતું ! પોતાની સાથેના સરદારોને ફોજની જવાબદારી સોંપીને એ ત્રીજી રાતે જ ઔરંગાબાદ તરફ ચાલી નીકળ્યો. **ઔરંગઝેબને એના 'શૂરવીર સસરા'ની બહાદુરીના સમાચાર જાણવા મળ્યા ! એ ગુસ્સાથી લાલપીળો થઈ ગયો. તાત્કાલિક બંગાળના સૂબેદાર તરીકે એની બદલી કરી દેવામાં આવી. એ દિવસોમાં**

**બંગાળ જવું એટલે નરકમાં જવા જેવું ગણાતું. શાઈસ્તાખાનની બદનામી અને બેઆબરૂથી જીવ જતો હતો, પરંતુ બિચારો કરી કરીને બીજું શું કરી શકે ? બીજો કોઈ આરો જ નહોતો. શાઈસ્તાખાનના બદલે ઔરંગઝેબે એના પુત્ર શાહજાદા મુઅઝ્ઝમને દક્ષિણનો સૂબેદાર નીમ્યો. એ મહાએદી, આળસુ, ભોગ-વિલાસી હતો. આથી મહારાજને એનો તો ડર હતો જ નહીં. શિવાજીનો માર્ગ સંપૂર્ણપણે નિષ્કંટક થઈ ગયો.**

(યુગપ્રવર્તક શિવાજી - માંથી સાભાર)

*આજે શિક્ષણનો શાઈસ્તાખાન, વેસ્ટર્ન ટ્રેન્ડનો શાઈસ્તાખાન, ફોરેન ટ્રેન્ડનો શાઈસ્તાખાન પવિત્રતાના પૂનાને ઘેરો ઘાલીને બેઠો છે, આપણે શિવાજી મહારાજ બની એના પર તૂટી પડીએ તો એ ૧૦૦% ભાગી જશે.*

## તૃતીયપાસું

આક્રમકતાનું ઊંડાણ - પરમ નીતિ
આક્રમકતાની ઊંચાઈ - પરમ અહિંસા

છગનને ટ્રાફિક પોલિસ પકડી કોર્ટમાં લઈ ગયો. ઝડપી વાહન ચલાવવા બદલ જજે એને ૫૦૦ રૂ. કે ૧૦ દિવસની જેલની સજા કરી. છગને જેલમાં જવાનું પસંદ કર્યુ. જજે આશ્ચર્ય બતાવી કારણ પૂછ્યું. છગન કહે, ''મારો નોકર જતો રહ્યો છે, અને પત્ની કહે છે કે ૧૦ દિવસ સુધી નવો નોકર મળવો મુશ્કેલ છે.'' છગનની નીતિઓની વાત જવા દઈએ. અહીં એક જુદી નીતિની વાત કરવી છે.

ઉપદેશમાલા કર્ણિકાવૃત્તિમં કહ્યું છે -

**श्रीसङ्घप्रत्यनीकानां धार्मिकेषु दुरात्मनाम् ।**
**वधोऽपि न वधो पुण्य-मनुबध्नात्यसौ यतः ।।**

***જેઓ શ્રીસંઘના દુશ્મનો છે***
***જેઓ ધાર્મિકો પ્રત્યે દુષ્ટ વર્તન કરનારા છે.***
***તેમનો વધ પણ હકીકતમાં વધ નથી,***

***કારણકે એનાથી પુણ્યનો અનુબંધ થાય છે.***

મહાનિશીથસૂત્ર કહે છે -

**आयरिए गच्छम्मि, कुलगणसंघे य चेइयविणासे ।**
**आलोइयपडिक्कंतो, सुद्धो जं णिज्जरा विउला ॥**

***આચાર્ય, ગચ્છ, કુલ, ગણ, સંઘ***
***કે જિનાલયનો વિનાશ થઈ રહ્યો હોય***
***ત્યારે જે રીતે તે બચી શકે એ બધું જ કરવું જોઈએ.***
***તેની આલોચના-પ્રતિક્રમણથી શુદ્ધિ થઈ જાય છે.***
***અને આચાર્યાદિની રક્ષાથી***
***પુષ્કળ નિર્જરા થાય છે.***

તમને એક સવાલ પૂછું ? તમારું ઘર લિગલી ચાલે છે ? બીજો સવાલ પૂછું - શાસનરક્ષા - તીર્થરક્ષા લિગલ વે-માં જ થવી જોઈએ? ત્રીજો સવાલ પૂછું - દીકરાનું મર્ડર થઈ રહ્યું હોય, ત્યારે માણસ - કઈ રીતે એને બચાવવો એ વિચારે ? કે પછી કાયદેસર રીતે એને કઈ રીતે બચાવવો એ વિચારે ? કયો વિકલ્પ સાચો છે ? સાચું કહું ? બંને વિકલ્પ ખોટા છે, એ વિચારવા ન બેસે, પણ બધી શક્તિ લગાવીને એને બચાવવા કૂદી જ પડે. ને ત્યારે કોઈ એને 'કાયદો' બતાવે તો એ એને એક તમાચો ચોડી દે.

પોતાની આર્થિક સુવિધાના લોભે હલકા માણસો લાવીને તીર્થ પરિસરને માંસ-માછલી-દારૂ-ડ્રગ્સ-વેશ્યાથી ખરડી નાંખનારા ને કોઈ સમજાવટથી સમજવા તૈયાર જ ન થનારા 'લાભાર્થી'ને પ્રોગ્રામમાં ભંગાણ પાડવાની ચેતવણીથી લઈને ઈન્કમટેક્સની રેડ કે કોઈ પણ મુદ્દે કોર્ટકેસ વગેરેની ચેતવણી આપવી, ને છતાં ન સમજે તો એ ચેતવણીનો અમલ કરી દેવો શું એ પરમ નીતિ અને પરમ અહિંસા નથી ?

મુમુક્ષુ બહેનોના અને સાધ્વીજી ભગવંતોના ફોટા વિડિયા અપલોડ કરનારા અને વાયરલ કરનારાઓને ખૂબ સમજાવ્યા પછી ય તેઓ આ

પ્રવૃત્તિ બંધ ન જ કરે અને એનાથી બ્યુટી કંટેઈન તરીકે હાલી-મવાલીઓ સુધી આ બધું પહોંચતું હોય અને પરિણામે આપણા શ્રાવિકાઓ અને સાધ્વીજીઓ પરના હુમલાઓ વધી રહ્યા હોય, ત્યારે - નથી માનતા, તો શું કરીએ ? - આમ કહીને બેસી રહેવું એ ધર્મ કે એ અપલોડ કરનારને ત્યાં વિનય-વિવેકપૂર્વક બેસી જઈને ભારે દંડ વસૂલીને એ બધું ડિલીટ કરાવવું એ ધર્મ ?

મને કહેવા દો કે આંધળાના દીકરા આંધળા જ હોય એવું જરૂરી નથી પણ મવાલીના સાથીદાર તો મવાલી જ હોય છે, અને નજર સામે તીર્થ અને શ્રમણી ભગવંતોની લાજ લૂંટાતી જોઈને પણ નથી સમજતા, તો શું કરીએ ? - આ રીતે ઉપેક્ષા કરનારા પણ સૂક્ષ્મસ્તરે મવાલીના સાથીદાર ઠરે છે, ને માટે જ એમના માટે પણ શાસ્ત્રકારોએ આકરા શબ્દોના પ્રયોગ કર્યા છે.

**साहू उवेक्खमाणो अणंत संसारिओ भणिओ**

***જો સાધુ પણ ઉપેક્ષા કરે***

***તો એમનો પણ અનંત સંસાર થાય.***

પરમ નીતિ ન હોવી એ ઘોર અનૈતિકતા છે, પરમ અહિંસા ન હોવી એ ઘોર હિંસા છે. વસ્તુપાલ મંત્રી એક વિદ્વાન શ્રાવક હતા, એમણે એમના જીવનમાં આ સિદ્ધાન્ત અપનાવ્યો હતો જરા જોઈએ એક ઘટના... વસ્તુપાળ ચરિત્રનો શબ્દશઃ અહેવાલ -

શ્રી વીરધવલ રાજાના સામ્રાજ્યનો જેટલો વિસ્તાર હતો તેટલો જ વિસ્તાર મંત્રીના પ્રભાવથી અનુક્રમે વિશળદેવને પ્રાપ્ત થયો, છતાં મહીતળ પર પ્રસાર પામવાથી તે રાજા શ્રી વસ્તુપાલમંત્રીને કેવળ લઘુતાથી જોતો હતો. વિશળદેવને એક સિંહ નામે મામો હતો. રાજાના આદેશથી સમર્થ એવા તેને સર્વ રાજાઓમાં અગ્રેસર અધિકારી બનાવવામાં આવ્યો હતો. તે પિશુનાત્મા પાપીથી પ્રેરાયેલ રાજાએ તેજપાલના હાથમાંથી મુદ્રારત્ન છીનવી લઈને ગર (વિષ)ની જેમ લોકોનો સંહાર કરનાર નાગરજાતિના

નાગડ મંત્રી પર પ્રસાદ કરીને તેના હાથમાં આપી, એટલે સત્ત્વોલ્લાસથી રોમાંચિત થયેલા તેના હાથમાં તે મુદ્રિકા બોરડીના વૃક્ષ પર આરૂઢ થયેલી કલ્પલતાની જેવી શોભવા લાગી.

ભક્તિમુગ્ધ એવા મંત્રીએ તે નગરમાં પોતાના ગુરુ નિમિત્તે સાત માળનું એક ઉન્નત પૌષધાગાર કરાવ્યું હતું. ત્યાં કોઈ અગીતાર્થ અણગાર ઉપરની ભૂમિનું પ્રમાર્જન કરતા હતા. એવામાં નીચેથી પસાર થતા રાજાના સિંહ નામના મામાના મસ્તક પર તેની ધૂળ પડી. આથી તેણે ક્રોધાંધ થઈને તે સાધુને નિર્દય રીતે માર માર્યો, કારણકે 'મદમત્ત જનોના હૃદયમાં વિવેક ક્યાંથી હોય ?' આથી મંત્રીને અત્યંત ગુસ્સો આવવાથી કોઈ વીર મનુષ્યને હાથે તેનો કરચ્છેદ કરાવ્યો; એટલે જ્યેષ્ઠુક વંશના ક્ષત્રિયોમાં મુખ્ય અને પ્રબળ ઓજસ્વી એવો સિંહ રાજા અંતરમાં જૈન મત પર બહુ દ્વેષ ધરવા લાગ્યો.

દૈવયોગે રાજપૂજ્ય એવા તે સિંહ રાજાની સાથે વસ્તુપાલને વિષમ વિરોધ ઉભો થયો. મામાના દાક્ષિણ્યને લીધે વિશળદેવે પણ તેનો પક્ષ કર્યો; એટલે સિંહે સૈન્ય સહિત મંત્રીશ્વરના ઘરને ઘેરો ઘાલ્યો, મંત્રીના ઉદ્ધત સુભટો તરતજ યુદ્ધ કરવા તત્પર થઈ ગયા, અને પરસ્પર યુદ્ધ શરૂ થયું. તે જોઈને રાજધાનીના બધા લોકો ભયભ્રાંત થઈ ગયા. રાજાએ પણ અત્યંત ક્રોધાયમાન થઈને પોતે યુદ્ધ કરવાની ઈચ્છાથી ઈંદ્રને પણ ભય પમાડે તેવું પોતાનું સૈન્ય તૈયાર કર્યું. તે હકીકત જાણવામાં આવતાં સૂર્ય સમાન તેજસ્વી અને અતિરથી એવો મંત્રીશ્વર પણ વીરબંધુઓ સહિત કવચ ધારણ કરીને યુદ્ધ કરવાને સજ્જ થયો. **એવામાં કૃતજ્ઞશિરોમણિ રાજગુરુએ મંત્રીને ઘરે આવીને સંગ્રામોત્સુક મંત્રીને કહ્યું કે – ''હે મહામતે ! હે મંત્રીરાજ ! તમે આ શું કરવા માંડ્યું ? એક નજીવા કારણે આ મહાન યુદ્ધ સમારંભ કેવો ? અતિશય ગર્વભરથી ઉધ્ધુર અને મહા ઓજસ્વી એવા જ્યેષ્ઠુક વંશના સર્વ રાજાઓ એકત્ર થઈને તમારી સાથે યુદ્ધ કરવા સજ્જ થયા છે અને તેમના દાક્ષિણ્યથી રાજા પણ કોપથી કૃતાંત જેવો બની ગયો છે; માટે શાંત થાઓ કે જેથી તેમની સાથે તમારો સંધિ થાય.''**

રાજગુરુનાં આ પ્રમાણેનાં વચનો સાંભળીને અસહ્ય તેજથી સૂર્યની જેવા જાજ્વલ્યમાન મંત્રીએ તેમને કહ્યું કે - ''જ્યેષ્ઠુક વંશના એ ક્ષુદ્ર ક્ષત્રિયો મારી આગળ શું માત્ર છે ? અશ્વરાજનું તેજ કદી બીજાઓથી પરાભૂત થાય તેમ નથી. દેદીપ્યમાન સૂર્ય શું અંધકારથી પરાભવ પામે ? જ્યારે રાજા પણ તેમના પક્ષમાં ભળીને સંગ્રામ કરવા તત્પર થયો છે, ત્યારે આજે સર્વનો સંહારજ થવાનો એમ સમજો. મને જૈન મુનિઓનો પરાભવ કર્યો તે જ અત્યંત દુઃસહ લાગેલ છે. સિંહને સર્વત્ર સ્વતંત્રતા આપવામાં આવી તેનુંજ આ પરિણામ છે. ઉદ્યમથી ઉપાર્જન કરેલો અને જીવિતવ્યના એક ફળરૂપ યશ જો પ્રથમથી જ લુંટાઈ જાય તો પછી મનસ્વી જનો શરીરરૂપ પલાલનું શા માટે પાલન કરે ?'' ઈત્યાદિ વચનોથી મરણ પર્યંત યુદ્ધ કરવાનો તેનો દૃઢ નિશ્ચય જાણીને સોમેશ્વરે રાજા પાસે આવીને સુધા સમાન શીતળ ગિરાથી તેને સમજાવ્યા કે - ''હે દેવ ! આ વ્યતિકરમાં અસ્ખલિત વીર્યવાન એવો એ વીરકુંજર મંત્રી પોતે મરશે અને અન્ય હજારોને મારશે. વળી હે રાજન્ ! સામ્રાજ્યદીક્ષામાં એ જ તમારો ગુરુ હતો, માટે સમસ્ત વિશ્વનો ઉપકારક એવો એ મંત્રી પિતાની જેમ તમારે સન્માન આપવા લાયક છે. જુના સેવકોના અપરાધને જે બે ત્રણ વાર પણ દરગુજર ન કરે એવા સ્વામીને કૃતજ્ઞજનોમાં અગ્રેસર ગણીને શું સજ્જનો તેની પ્રશંસા કરે ? વળી સદા સેવાપરાયણ એવા મારા જેવા અન્ય સેવકોના મનમાં પણ આમ થવાથી હવે તમારી શી આશા રહેશે ?'' ઈત્યાદિ તેની મધુર વાણી સાંભળીને શાંત હૃદયથી રાજાએ તે રાજગુરુને કહ્યું કે - ''એને ધીરજ આપી માનપૂર્વક તમે અહીં લઈ આવો કે જેથી પુનઃ આપણે તેનો યથાયોગ્ય સત્કાર કરીએ.''

**રાજાના આદેશથી રાજુગુરુએ મંત્રીશ્વરને ઘરે આવીને રાજાનું કથન તેમને યુક્તિપૂર્વક કહી સંભળાવ્યું. પછી વસ્તુપાલ તેની સાથે રાજા પાસે આવ્યો; પરંતુ વીર સુભટોથી પરિવૃત્ત થઈને ત્યાં તે સાવધાન જ રહ્યો હતો, પણ પ્રથમ કરેલા તેના વિવિધ ઉપકારોનું હૃદયમાં સ્મરણ કરીને પ્રસન્ન થયેલા એવા સુજ્ઞ રાજાએ પિતાની જેમ તેને સન્માન આપ્યું; આથી**

**ઉપશાંત થયેલા મંત્રીએ રાજાને પ્રણામ કર્યા, એટલે રાજાએ પોતે ઉઠીને તેને આલિંગન આપ્યું અને પોતાના અર્ધાસન પર તેને બેસાડ્યો. પછી પોતાના મામાને મંત્રીના પગે પડાવ્યો અને પુનઃ તેણે મંત્રી અને માતુલ વચ્ચે સંધિ કરાવી; એટલે મંત્રીએ પ્રસન્ન મુખે રાજાને કહ્યું કે – ''હે સ્વામિન્ ! આપના પ્રસાદથી મારે કંઇ ન્યૂન નથી; પરંતુ જે દુષ્ટબુદ્ધિ દેવ ગુરુનો દ્વેષી થશે તેને તો આપના સમક્ષ પણ હું શિક્ષા કરીશ !'' એટલે સર્વના સાંભળતાં રાજાએ કહ્યું કે – ''કોઈએ જૈન મુનિઓનું લેશ પણ અપમાન ન કરવું. એ મુનિઓ સત્ય, શીલ અને તપોનિષ્ઠ, સર્વજ્ઞ મતમાં સૂર્ય સમાન તથા જગતમાં સર્વ કરતાં ગરિષ્ઠ હોવાથી સર્વ જનોને તે પૂજનીય છે.'' આ પ્રમાણે થવાથી જૈન ધર્મની મોટી પ્રભાવના થઈ. પછી રાજાની આજ્ઞાથી હર્ષિત થઈને મંત્રી પોતાને ઘરે આવ્યા. ત્યાં બધા બંધુઓ અને વ્યવહારીઆઓ મળ્યા અને વર્ધાપન-મહોત્સવ નિમિત્તે મંદિર પર ધ્વજાઓ બાંધવામાં આવી. પછી શત્રુંજયાવતાર ચૈત્યમાં સ્નાત્રોત્સવ કરીને તેમણે શ્રીમાન્ ચતુર્વિધ સંઘની પૂજા કરી.** (વસ્તુપાલચરિત્ર-થી સાભાર)

વસ્તુપાલ હાથ કપાવ્યા પછી માફ કરે છે, રાજનીતિ કહે છે –

**यावदपकृतं ततोऽधिकमपकृत्य**
**सन्धिं कुर्यात् ।**

***સામેવાળા રાજાએ આપણું જેટલું નુકશાન કર્યું હોય***
***એના કરતા વધુ નુકશાન કરીને***
***સંધિ કરવી.***

આવું શા માટે ? એનું કારણ કહે છે –

**न ह्यतप्तं लोह स्तप्तेन सन्धीयते ।**

***જે લોઢું તપ્યું નથી, એ તપેલા લોઢા સાથે***
***સંધાન પામી શકતું નથી.***

હાથ કપાવ્યા વિના માફ કરવું એ મૂર્ખામી છે, સેંકડો મહાત્માઓ પર જોખમનું સર્જન છે, એક અપેક્ષાએ મહાત્માને મારનાર કરતા માફ કરનાર

વધારે ગુનેગાર છે. અણસમજુમાં વિવેક ન હોય, એના કરતા સમજુમાં વિવેક ન હોય, એ અપેક્ષાએ પણ એ વધુ ગુનો બને છે.

**સવાલ આપણે ઓછા છીએ એનો નથી, આપણે નબળા છીએ એવું પણ નથી. વણિક્કોમના જ તેજપાલે સિંહ જેવા ગોધરાના ઘુઘૂલ રાજાને હરાવીને જીવતો પકડીને લાકડાના પાંજરામાં પૂરી દીધો હતો. વસ્તુપાલ-તેજપાલે મંત્રી તરીકે ૬૦ થી વધુ યુદ્ધો કર્યા હતા. મહાત્માના અપમાન નિમિત્તે એ યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા ત્યારે એ જીવનના લગભગ છેવાડે હતા.**

સવાલ આપણી નબળાઈનો નથી, સવાલ નીતિ અને અહિંસા વિષેની આપણી ખોટી વ્યાખ્યાનો છે. રાજપુર-ડીસા પાંજરાપોળનું એક સૂત્ર છે - હિંસા કદી કાયદેસર ન હોઈ શકે અને હિંસાને રોકવાનું કામ કદી ગેરકાયદેસર ન હોઈ શકે. મને કહેવા દો કે - શાસન વિરુદ્ધ કામ કદી ધાર્મિક ન હોઈ શકે અને શાસનરક્ષાનું કામ કદી અધાર્મિક ન હોઈ શકે.

**કદાચ આપણે ઊંડું આત્મનિરીક્ષણ કરશું, તો ધાર્મિકતા-અધાર્મિકતાથી આગળ વધીને આત્મીયતા - અનાત્મીયતાના કારણો પણ મળશે, ઘર સાથે આત્મીયતા છે, તો એના માટે બધું જ કરી છૂટવા તૈયાર, લિગલ-ઈલિગલ કોઈ પણ રસ્તે એનું હિત-એની રક્ષા કરવા તૈયાર, અને શાસનની બાબતમાં લિગલ-વે-નો આગ્રહ કે ઉપેક્ષા. જો કે લિગલ વે-નો જ આગ્રહ એ પણ ઉપેક્ષાનો જ એક પ્રકાર છે, હું તો એમ પૂછું છું, કે જેનાથી શાસનની રક્ષા થઈ શકતી હોય, જેના વગર ન થઈ શકતી હોય, એ વે-ને ઈલિગલ વે કહેવાય ખરો. પુલાક લબ્ધિધર મહાત્મા સંઘરક્ષા માટે ચક્રવર્તીની કરોડોની સેનાનો ચૂરો કરી નાંખે, તો પણ એમને કોઈ પ્રાયશ્ચિત ન આવે.**

વાત કોઈ વિવેકશૂન્ય-આડેધડ હુમલા કરવાની નથી, વાત આપસમાં પણ ઝગડવાની નથી, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ - આનો આશય વિવેકપૂર્વક ગીતાર્થ ગુરુ ભગવંતોના માર્ગદર્શનપૂર્વક શાસનની રક્ષા કરવાનો

છે, જેમાં કદાચ વધુ જરૂર ભીતરના અહંકારરૂપી દીપડા, મમત્વરૂપી સિંહ, ઈર્ષ્યારૂપી ચાઈનીઝ સૈન્ય, ફેશન-વ્યસન-ફોરેન-ડેન્જરસ એજ્યુકેશનના ક્રેઝ-રૂપી શાઈસ્તાખાન અને કામરૂપી સિંહરાજાને પરાસ્ત કરવાની છે અને સાથે સાથે સંઘ-શાસનના પજવતા બહારના શત્રુઓને પણ પરાસ્ત કરવાની છે. બોલો, આ જરૂર પૂરી કરશો ?

**સંઘને કહો ચડાવે બાણ,**
**હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.**

*   *   *   *   *

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ લખાયું હોય તો

મિચ્છામિ દુક્કડમ્

કારતક સુદ ૯, વિ.૨૦૮૧,

શ્રી ઉમરા જૈન સંઘ, સુરત